# સરકારી વિનયન કૉલેજ, વાવ જિ.બનાસકાંઠા

## શિષ્યવૃતિના ફોર્મ ભરવા માટેની સુચના

- **શૈક્ષણિક વર્ષ : ૨૦૨૩-૨૪** માટે B.A SEM-1, 3, 5 ના પાત્રતા ધરાવતા તમામ વિદ્યાર્થીઓને જણાવવાનું કે શિષ્યવૃત્તિ/સહાય મેળવવા માટે **તા.૨૨/૦૯/૨૦૨૩ થી ૦૫/૧૧/૨૦૨૩** સુધીમાં **ડિજિટલ ગુજરાત પોર્ટલ(https://www.digitalgujarat.gov.in)**ઉપર લાગુ પડતી યોજનાઓમાં ઓનલાઈન ફોર્મ ભરી કોલેજમાં જમા કરાવવાના રહેશે.
- સરકારશ્રી તરફથી મળતી કોઈપણ એક જ યોજના હેઠળ શિષ્યવૃત્તિ મેળવી શકાશે એકથી વધુ શિષ્યવૃત્તિ મેળવવા ફોર્મ ભરી શકાશે નહી તેમજ શિષ્યવૃત્તિ મેળવી શકાશે નહી. એકથી વધુ શિષ્યવૃત્તિનાં ફોર્મ ભરશે તો તેની સંપૂર્ણ જવાબદારી વિદ્યાર્થીની રહેશે.

### OBC/EWS/SC કેટેગરીના વિદ્યાર્થીઓએ શિષ્યવૃત્તિ માટે ઓનલાઈન અરજી કરવા માટેની સૂચનાઓ

1. વિદ્યાર્થીએ કોલેજનાં નોટીસ બોર્ડ ઉપર લગાવેલ સૂચનાઓ વાંચીને જ પોતાને લાગુ પડતી સ્કોલરશીપનું ફોર્મ ભરવું.
2. શિષ્યવૃત્તિનું ઓનલાઈન ફોર્મ ભરવાની તારીખ : **૨૨/૦૯/૨૦૨૩ થી ૦૫/૧૧/૨૦૨૩**
3. શિષ્યવૃત્તિનું ઓનલાઈન ફોર્મ કોલેજ ખાતે જમા કરાવવાની તારીખ : **૦૩/૧૦/૨૦૨૩ થી ૦૬/૧૧/૨૦૨૩** (સમય : **સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦ કલાક** સુધી જમા કરાવવાનું રહેશે)

| ક્રમ | સેમેસ્ટર | ફોર્મ કોની પાસે જમા કરાવવું તે કર્મચારીનું નામ | રીમાર્કસ |
|---|---|---|---|
| ૧ | ૧ | વિક્રમભાઈ એલ ચૌહાણ | કાર્યાલય બારી નંબર-૦૨ |
| ૩ | ૩ | લાલાભાઈ પ્રજાપતિ | કાર્યાલય બારી નંબર-૦૧ |
| ૩ | ૫ | ડૉ.મોતીભાઈ દેસાઈ | સ્પોર્ટ્સ રૂમ(NCC ROOM) |

4. તમામ વિદ્યાર્થીઓએ આધારકાર્ડને બેંક એકાઉન્ટ સાથે લિંકિંગ(સીડિંગ) કરવું ફરજીયાત છે. આધારકાર્ડ બેંક એકાઉન્ટ સાથે લીંક છે કે કેમ? તેની ખાતરી કરી લેવી. અન્યથા શિષ્યવૃત્તિ જમા નહિ થાય.
5. આવકનો દાખલો ફોટા વાળો હોવો જોઈએ
6. ધો-૧૦ તથા ત્યાર પછી કરેલ અભ્યાસની તમામ માર્કશીટ અપલોડ કરવાની રહેશે. તેમજ કોલેજ ખાતે જમા કરાવવાની રહેશે.(ધો-૧૦ પછીની લાગુ પડતી તમામ માર્કશી)
7. ધો-૧૦ બાદ અભ્યાસક્રમમાં તૂટ(બ્રેક) પડેલ હોય તો તે સમય દરમિયાન કોઈ પણ પ્રકારનો અભ્યાસક્રમ કરેલ નથી કે કોઈપણ પ્રકારની શિષ્યવૃત્તિનો લાભ મેળવેલ નથી તે મતલબનું એફિડેવિટ (સોગંધનામું) કરી અપલોડ કરવાનું રહેશે અને અરજી સાથે કોલેજમાં રજૂ કરવાનું રહેશે.

8. જે વિદ્યાર્થીના પિતા/વાલી સરકારી નોકરી કરતા હોય તેવા વિદ્યાર્થીના વાલીના આવકના દાખલાની સાથે આવક અંગેનું ઇન્કમટેક્ષ માટેનું ફોર્મ–૧૬ અપલોડ કરવાનું રહેશે. તથા કોલેજ ખાતે ફોર્મ સાથે જમા કરાવવાનું રહેશે.

➢ **ખાસ નોંધ : વિદ્યાર્થીઓએ તમામ ઓરીજનલ ડોક્યુમેન્ટ SCAN કરી અપલોડ કરવાના રહેશે.**

## કોલેજની સત્ર શરૂ થયાની તારીખની વિગત :

- ફ્રેશ વિદ્યાર્થીઓ (સેમ–૧ માટે) : સત્ર શરૂ થયાની તારીખ : ૦૭/૦૭/૨૦૨૩
  સત્ર પૂર્ણ થયાની તારીખ : ૩૦/૦૪/૨૦૨૪
- રીન્યુઅલ વિદ્યાર્થીઓ (સેમ–૩ તથા ૫ માટે) : સત્ર શરૂ થયાની તારીખ : ૧૬/૦૬/૨૦૨૩
  સત્ર પૂર્ણ થયાની તારીખ : ૩૦/૦૪/૨૦૨૪

## શિષ્યવૃત્તિ ફોર્મ ભરવા માટેની યોજનાઓના નામ :

❖ **બક્ષીપંચ (SEBC) અને EWS વિદ્યાર્થીઓ માટે :**

1.PM YASASVI POST METRIC SCHOLARSHIP FOR OBC,EBC &DNT

(આવક મર્યાદા –2.50 લાખ સુધી છોકરા અને છોકરીઓ)

❖ **SC (અનુસુચિત જાતિ)નાં વિદ્યાર્થીઓ માટે :**

1.BCK.6.1 : (આવક મર્યાદા –2.50 લાખ સુધી છોકરા અને છોકરીઓ

2.BCK.5 : (આવક મર્યાદા –2.50 થી વધુ આવક વાળી ફક્ત છોકરીઓ માટે )

## શિષ્યવૃત્તિ ફોર્મમાં વિદ્યાર્થીઓએ ફી ની એન્ટ્રી કરવાની થતી વિગત (વર્ષ : ૨૦૨૩–૨૪)

| Sr No | Fee Details | B.A SEM 1,2 | | B.A SEM 3,4 | | B.A SEM 5,6 | |
|---|---|---|---|---|---|---|---|
| | | Boys | Girls | Boys | Girls | Boys | Girls |
| 1 | Admission Fee | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 2 | Tution Fee | 1200 | 0 | 1200 | 0 | 1200 | 0 |
| 3 | Misc.Fees(Non refundable) | 660 | 660 | 360 | 360 | 360 | 360 |
| 4 | Exam Fee | 850 | 850 | 850 | 850 | 1150 | 1150 |
| Total | | 2710 | 1510 | 2410 | 1210 | 2710 | 1510 |

➢ **ઓનલાઈન ફોર્મ ભરતી વખતે ઉપર મુજબની ફી ની વિગત દર્શાવવાની રહેશે.**

## ઓનલાઈન ફોર્મ ભરી નીચે મુજબના તમામ પ્રમાણપત્રો ફોર્મ સાથે કોલેજમાં જમા કરાવવા.

❖ શિષ્યવૃત્તિ ફોર્મની બે નકલ જમા કરવાની રહેશે.જેમાં એક નકલ સાથે નીચે મુજબના તમામ ડોક્યુમેન્ટ સાથે જોડવા અને એક નકલ ડોક્યુમેન્ટ જોડ્યા વગર આપવી.(દરેક પ્રમાણપત્ર સ્વ–પ્રમાણિત લખી સહી કરી જમા કરાવવાના રહેશે)

1) શાળા છોડ્યાનું પ્રમાણપત્ર (L.C)
2) ધો–૧૦ અને ત્યારપછીની તમામ માર્કશીટ ((ધો–૧૦,ધો–૧૨,સેમેસ્ટર–૧ થી ૪ ની લાગુ પડતી તમામ માર્કશીટ)
3) આધારકાર્ડ
4) જાતિનો દાખલો
5) ક્રીમેલિયર સર્ટીફીકેટ (ફક્ત SEBC નાં વિદ્યાર્થીઓ માટે)
6) પિતાની વાર્ષિક આવકનો દાખલો (ફોટા વાળો) (જો માતાના નામનો આવકનો દાખલો હોય તો પિતાના મરણનો દાખલો જોડવાનો રહેશે અને ઓનલાઈન અપલોડ કરવાનો રહેશે.

(જે વિદ્યાર્થીના પિતા/વાલી સરકારી નોકરી કરતા હોય તેવા વિદ્યાર્થીના વાલીના આવકના દાખલાની સાથે ગયા વર્ષનું આવક અંગેનું ઈન્કમટેક્ષ માટેનું ફોર્મ–૧૬ અપલોડ કરવાનું રહેશે. તથા કોલેજ ખાતે ફોર્મ સાથે જમા કરાવવાનું રહેશે.)

7) બેંક પાસબૂકની નકલ
8) કોલેજમાં ફી ભર્યાની પાવતીની નકલ
9) ધો–૧૨ બાદ અભ્યાસક્રમમાં તૂટ(બ્રેક) પડેલ હોય તો તે સમય દરમિયાન કોઈ પણ પ્રકારનો અભ્યાસક્રમ કરેલ નથી કે કોઈપણ પ્રકારની શિષ્યવૃત્તિનો લાભ મેળવેલ નથી તે મતલબનું એફિડેવિટ (સોગંધનામું).

➢ **ખાસ નોંધ : ઓનલાઈન ભરેલ ફોર્મમાં વિદ્યાર્થીઓએ સહી ફરજીયાત કરવાની રહેશે અન્યથા સહી વગરના ફોર્મ રદ થશે.**

### શિષ્યવૃત્તિનાં ફોર્મ ભરેલ વિદ્યાર્થીઓ માટે અગત્યની સુચના

આથી શિષ્યવૃત્તિનાં ફોર્મ ભરેલ વિદ્યાર્થીઓને જણાવવાનું કે,ભારત સરકારશ્રીની પોસ્ટમેટ્રિક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત શિષ્યવૃત્તિનું ચુકવણું આધાર બેઝથી જ કરવામાં આવે છે.જેથી દરેક વિદ્યાર્થીએ પોતાના આધાર નંબર જે બેંક ખાતા સાથે લિંક હોય તે બેંક ખાતામાં શિષ્યવૃતિની ચુકવણી કરવામાં આવશે. દરેક વિદ્યાર્થીએ પોતાના બેંક એકાઉન્ટમાં ઓછામાં ઓછા ૧૦૦/– રૂ.જમા કરાવીને પછી ઉપાડી લેવા અને બેંક એકાઉન્ટ ચાલુ હોવાની ખાતરી કરી લેવી.અન્યથા શિષ્યવૃત્તિ જમા નહી થાય તો તેની જવાબદારી જે તે વિદ્યાર્થીની રહેશે.

## ડિજિટલ ગુજરાત પોર્ટલ હેલ્પલાઈન નંબર : ૧૮૦૦૨૩૩૫૫૦૦